કુલ ગુણ : 100

# નામાનાં મૂળતત્ત્વો

સમય : 3 કલાક

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગ અને 35 પ્રશ્નો છે. (2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે. (3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા. (4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે. (5) ફૂટપટ્ટી તેમ જ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે. (6) ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે. (7) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ-A

❖ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી તેનો જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ છે.)** **[10]**

1. A, B અને C ની મૂડીનું પ્રમાણ 3 : 2 : 1 હોય અને વર્ષનો વહેંચણીપાત્ર નફો ₹ 66,000 હોય, તો C ને કેટલો નફો મળે?

(A) ₹ 11,000 (B) ₹ 22,000 (C) ₹ 33,000 (D) ₹ 66,000

2. પાઘડીનો આધાર કોના પર રહેલો છે ?

(A) ધંધાકીય એકમના કર્મચારીઓ પર
(B) ધંધાકીય એકમના સંચાલકો પર
(C) ધંધાકીય એકમની મિલ્કતો પર
(D) ધંધાકીય એકમના ભવિષ્યમાં જળવાઈ રહે તેવા નફા પર

3. પુનઃ મૂલ્યાંકન ખાતાનો નફો કે નુકસાન કયાં પ્રમાણમાં ભાગીદારો વચ્ચે વહેંચવામાં આવે છે ?

(A) ત્યાગના પ્રમાણમાં (B) લાભના પ્રમાણમાં
(C) નવા નફા-નુકસાનના પ્રમાણમાં (D) જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

4. ભાગીદારી પેઢીના પુર્નગઠન વખતે પાકાસરવૈયામાં દર્શાવેલ કારીગર નફા ભાગ ભંડોળ કયાં દર્શાવાય ?

(A) પુનઃ મૂલ્યાંકન ખાતામાં જમા બાજુ
(B) પુનઃ મૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ
(C) ભાગીદારોનાં મૂડીખાતામાં જમા બાજુ
(D) ભાગીદારોનાં મૂડીખાતામાં ઉધાર બાજુ

5. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલ્કતોની ઉપજમાંથી સૌ પ્રથમ કઈ ચૂકવણી કરવામાં આવે છે ?

(A) વિસર્જન ખર્ચ (B) ભાગીદારની પત્નીની લોન
(C) ત્રાહિત પક્ષના દેવાં (D) ભાગીદારની લોન

6. જો જાહેર ભરણામાં અરજી વખતે બહાર પાડેલ શૅર કરતાં ................ ઓછા શૅરની અરજીઓ આવે, તો શૅરનું ભરણું રદ કરવામાં આવે છે.

(A) 50% થી (B) 75% થી (C) 90% થી (D) 100% થી

7. કંપની મૂડીમાંથી ડિબેંચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં, કંપનીએ તેણે બહાર પાડેલા ડિબેંચરની કુલ દાર્શનિક કિંમતની રકમના ................ટકા ડિબેંચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

(A) 10 (B) 25 (C) 100 (D) 15

8. નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ ચાલુ ગુણોત્તર ગણવા માટે થતો નથી ?

(A) દેવાદારો (B) સ્ટૉક (C) લેણીહૂંડી (D) ફર્નિચર

9. **કાર્યશીલ મૂડી એટલે ..............**

(A) ચાલુ મિલકતો અને બિનચાલુ મિલકતોનો તફાવત.

(B) ચાલુ દેવા અને બિનચાલુ મિલકતોનો તફાવત.

(C) ચાલુ મિલકતો અને બિનચાલુ દેવા વચ્ચેનો તફાવત.

(D) ચાલુ મિલકતો અને ચાલુ દેવાં વચ્ચેનો તફાવત.

10. **નીચેનામાંથી કોનો નાણાકીય ખર્ચમાં સમાવેશ થાય છે ?**

(A) કારખાના ખર્ચા (B) વહીવટી ખર્ચા

(C) વેચાણના ખર્ચા (D) વ્યાજનો ખર્ચ

## વિભાગ–B

❖ **નીચેના 11થી 20 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ છે.)** **[10]**

11. પાઘડી એ કેવા પ્રકારની મિલકત છે ?
12. ત્યાગનું પ્રમાણ એટલે શું ? તે કેવી રીતે શોધવામાં આવે છે ?
13. નિવૃત્તિ કે મૃત્યુ વખતે તે ભાગીદારને તેના ભાગની પાઘડી કોના દ્વારા આપવામાં આવે છે ?
14. પેઢીના વિસર્જન સમયે વિસર્જન ખર્ચ કોણે ભોગવવાનો હોય છે ?
15. શેરનું વધારે ભરણું કે ઓછું ભરણું કોને કહેવાય ?
16. કયા પ્રકારના ડિબેંચર સાથે વ્યાજની કૂપનો આપવામાં આવે છે ?
17. નાણાકીય વિશ્લેષણ એટલે શું ? <u>અથવા</u> નાણાકીય પત્રકો એટલે શું ?
18. સ્ટૉક ટર્ન ઓવર એટલે શું ?
19. સધ્ધરતાના ગુણોત્તરો જણાવો.
20. કામગીરીની પ્રવૃત્તિઓ એટલે શું ?

## વિભાગ–C

❖ **નીચેના 21થી 26 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (પ્રત્યેકના 3 ગુણ છે.)** **[18]**

21. ફેની, સીમરન અને સોનાલી એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે, નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2700, ₹ 1200, અને ₹ 1500, ગણવાનું રહી ગયુ છે. ભૂલસુધારણા નોંધ લખો.

22. પ્રેરણા, ઝરણા અને સંજના એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફાની વહેંચણીનું પ્રમાણ 5 : 4 : 3 છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ 2 : 2 : 1નું નક્કી કર્યું છે. આ માહિતિ પરથી લાભનું પ્રમાણ શોધો.

23. નીચેના વ્યવહારની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો. (i) ભાગીદારી પેઢીના આવક વેરાની જવાબદારી ₹ 35,000 ચૂકવવાની થઈ. જે ચોપડે નોંધેલ નથી. (ii) વિસર્જન સમયે નહિ નોંધાયેલ યંત્રના ₹ 25,000 ઉપજ્યા. (iii) એક ભાગીદાર તેના શ્રીમતિજીની પેઢીને આપેલ લોન ₹ 40,000 ચૂકવવાનું સ્વીકારે છે.

24. તફાવત સ્પષ્ટ કરો : મા.મિ.નિ. (Disposal of realisation account) ખાતાની પ્રથમ પદ્ધતિ અને બીજી પદ્ધતિ.

<u>અથવા</u> ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ?

(i) સામાન્ય અનામત (ii) કારીગર અકસ્માત વળતર ભંડોળ (iii) પ્રોવિડન્ડ ફંડ

25. એરોમા લિમિટેડ તા.1-7-2007ના રોજ ₹ 100નો એક એવા 8 %ના 12,000 ડિબેંચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા.30-6-2013નાં રોજ ડિબેંચર દીઠ ₹ 115ની કિંમતે પરત કરવાના છે. કંપનીના ચોપડે ડિબેંચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બા.જે.વગર)

26. રૂપાંતરની શરત પ્રમાણે ડિબેંચરના પ્રકાર લખી સમજાવો.

<u>અથવા</u> એક કંપનીએ ₹ 100 નો એક એવા પોતાના 1500 ડિબેંચર બજારમાંથી ડિબેંચર દીઠ ₹ 96 ના ભાવે ખરીદ્યા અને ખરીદ્યા બાદ તરતજ રદ કર્યા. કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો. (બાબત જે. વગર)



Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ-D

❖ **નીચેના 27થી 30 પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. (પ્રત્યેકના 4 ગુણ છે.)** **[16]**

27. નીચેની માહિતી પરથી વિરાટ અને વામનની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશની બે વર્ષની ખરીદીને આધારે કરો.

| વર્ષ | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 |
|---|---|---|---|---|---|
| નફો ₹ | 90,000 | 1,10,000 | 1,20,000 | 1,30,000 | 1,40,000 |

28. જ્ઞાનદા કંપની લિમિટેડનાં તા.31-3-16 અને તા.31-3-17ના રોજ પૂરાં થતાં વર્ષના સંક્ષિપ્ત નફા-નુકસાનના પત્રક નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

| વિગત | નોંધ નંબર | 31-3-17 રકમ (₹) | 31-3-16 રકમ (₹) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 66,00,000 | 44,00,000 |
| અન્ય આવકો | | 4,50,000 | 3,00,000 |
| ખર્ચાઓ | | 47,52,000 | 30,80,000 |
| આવકવેરાનો દર 30% | | | |

29. એકતા લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે ચાલુ ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| દેવાદારો | 45,000 | લેણીહૂંડી | 15,000 |
| જમીન-મકાન | 2,50,000 | ફર્નિચર | 30,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | 20,000 | બિન ચાલુ રોકાણો | 35,000 |
| ચાલુ રોકાણો | 15,000 | રોકડ-રોકડ સમકક્ષ | 15,000 |
| લેણદારો | 30,000 | દેવીહૂંડી | 10,000 |
| ઘાલખાધ અનામત | 10,000 | સ્ટૉક | 30,000 |

**અથવા**

29. શિવાન કંપની લિમિટેડની નીચેની વિગતોના આધારે દેવાં-ઈક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બિન ચાલુ મિલકતો | 14,00,000 | લેણદારો | 45,000 |
| ચાલુ મિલકતો | 8,50,000 | દેવી હુંડી | 20,000 |
| કુલ દેવા | 7,50,000 | ખર્ચા ચૂકવવાના બાકી | 35,000 |

30. ભારત કંપનીની નીચેની વિગતોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| કાર્યશીલ મૂડીમાં ફેરફાર પહેલાનો નફો | ₹ 4,95,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચમાં વધારો | ₹ 25,000 |
| દેવાદારોમાં વધારો | ₹ 75,000 | ખર્ચા ચૂકવવાના બાકી (વધારો) | ₹ 15,000 |
| લેણીહૂંડીમાં ઘટાડો | ₹ 40,000 | લેણદારોમાં ઘટાડો | ₹ 20,000 |
| સ્ટૉકમાં ઘટાડો | ₹ 30,000 | | |

**અથવા**

30. યશ કંપની લિમિટેડના નીચેના વ્યવહારોના આધારે નાણાકીય પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | 31-3-17 (₹) | 31-3-16 (₹) |
|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 18,00,000 | 12,00,000 |
| પ્રેફરન્સ શેરમૂડી | 8,00,000 | 10,00,000 |
| ડિબેંચર | 6,00,000 | 6,00,000 |


Visit https://visionpapers.in For More Papers!!!

(1) ડિવિડન્ડ ચૂકવ્યુ : ઈક્વિટી શેરમૂડી ₹ 2,00,000

પ્રેફરન્સ શેરમૂડી ₹ 1,00,000

(2) ડિબેંચર વ્યાજ ચૂકવ્યુ ₹ 50,000

## વિભાગ–E

❖ **નીચેના 31થી 33 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. પ્રત્યેકના 8 ગુણ છે.** **[24]**

**31.** આશા અને ટીના 2 : 1 ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચતાં એક પેઢીના ભાગીદારો છે. તા.31–03–2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી : આશા | 80,000 | | પાઘડી | | 18,000 |
| ટીના | 60,000 | 1,40,000 | જમીન-મકાન | | 72,000 |
| સામાન્ય અનામત | | 18,000 | યંત્રો | | 40,000 |
| કારીગર વળતર અનામત | | 4,500 | સ્ટોક | | 36,000 |
| રોકાણ અનામત | | 1,500 | દેવાદારો | 24,000 | |
| લેણદારો | | 28,000 | ઘાલખાધ અનામત : | 2,000 | 22,000 |
| દેવીહૂંડી | | 12,000 | રોકાણો | | 8,000 |
| | | | રોકડ-બેંક | | 2,000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 6,000 |
| | | 2,04,000 | | | 2,04,000 |

તેઓએ તા.1-4-2017થી લીનાને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરી.

(1) લીના ₹ 1,00,000 મૂડી તરીકે અને ₹ 24,000 પાઘડી પેટે રોકડા લાવશે. (2) જમીન-મકાનની કિંમત ₹ 17,000થી વધારવી. (3) યંત્રોની કિંમત ₹ 32,000 સુધી ઘટાડવી. (4) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી. (5) નહીં ચૂકવેલ વીજળી બિલ માટે ₹ 1100ની જોગવાઈ કરવી. (6) બધા ભાગીદારોનું નવુ નફા-નુકસાનનું પ્રમાણ 2 : 1 : 2 રાખવું.

પુનઃ મૂલ્યાંકન ખાતુ, ભાગીદારોનાં મૂડીખાતાં, રોકડ-બેંક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**32.** વિરાટ, અનુ અને ધોની તેમની મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31–03–2017 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| લેણદારો | | 16,000 | પાઘડી | | 40,000 |
| કારીગર વળતર-અનામત | | 12,000 | જમીન-મકાન | | 2,00,000 |
| કામદાર નફાભાગ ભંડોળ | | 30,000 | પેટન્ટ | | 60,000 |
| પ્રોવિડન્ડ ફંડ | | 45,000 | યંત્રો | | 80,000 |
| મૂડીખાતા | | | દેવાદારો | 35,000 | |
| વિરાટ | 2,00,000 | | – ઘાલખાધ અનામત | 5,000 | 30,000 |
| અનુ | 1,20,000 | | સ્ટોક | | 53,000 |
| ધોની | 80,000 | 4,00,000 | બેંક | | 40,000 |
| | | 5,03,000 | | | 5,03,000 |

ઉપરની તારીખે ધોની નિવૃત થાય છે. ભાગીદારોએ નક્કી કર્યું કે, (1) વિરાટ અને અનુનું નવું ન.નુ.નુ પ્રમાણ 2 : 3 રાખવું. (2) પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000 થી કરવું. (3) પેટન્ટના ₹ 60,000 ચાલુ વર્ષે ચૂકવેલ છે.



Visit https://visionpapers.in For More Papers!!!

જે કુલ 4 વર્ષ માટેના છે. (4) યંત્રો પર 10% ઘસારો માંડી વાળવો. (5) દેવાદારોમાંથી ₹ 3,000 ઘાલખાધ માંડી વાળવી. (6) ધોનીને ₹ 20,000 ચૂકવી આપવા. (7) સ્ટોકની બજાર કિંમત ₹ 54,000 છે. (8) નવી પેઢીની કુલ મૂડી, જૂની પેઢીની કુલમૂડી જેટલીજ રાખવી. આ મૂડી વિરાટ અને અનુ તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે જરૂરી ખાતા તૈયાર કરવા.

પુનઃ મૂલ્યાંકન ખાતુ, ભાગીદારોનાં મૂડીખાતાં, બૅંક ખાતુ અને ધોનીની નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**33.** ધ્રુવા લિમિટેડે ₹ 10 નો એક એવા 3,00,000 ઇક્વિટી શેર, શેરદીઠ ₹ 5ના પ્રીમિયમે બહાર પાડ્યા. રકમ નીચે મુજબ મંગાવવામાં આવી.

અરજી વખતે શેરદીઠ ₹ 4, મંજૂરી વખતે શેરદીઠ ₹ 7 (પ્રીમિયમ સહિત), પ્રથમ હપ્તા વખતે શેરદીઠ ₹ 2 આખરી હપ્તા વખતે શેરદીઠ ₹ 2

કંપનીને 3,50,000 શેર માટે અરજીઓ મળી. વધારાની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના પર અરજી વખતે મળેલ રકમ અરજદારોને પરત કરવામાં આવી. મીરાં એ ધારણ કરેલ 3000 ઇક્વિટી શેર પર પ્રથમ તથા આખરી હપ્તાની રકમ સિવાય પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**અથવા**

**33.** નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શેર જપ્તી અંગેની તેમજ જપ્ત થયેલા શેર ફરી બહાર પાડવાની આમનોંધ લખો.

(1) ₹ 10 નો અક એવા 800 ઇક્વિટી શેર ધારણ કરનાર એક શેર હોલ્ડરે મંજૂરીના શેરદીઠ ₹ 4 તથા હપ્તાના શેરદીઠ ₹ 3 નહિ ચૂકવતાં કંપનીએ તેના શેર જપ્ત કર્યા. શેર હોલ્ડરે અરજી સમયે શેરદીઠ ₹ 3 ભરેલા છે. જપ્ત થયેલ શેર, શેરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડવામાં આવ્યા. (2) આર.કે.કંપની લિમિટેડે સુનિલના દરેક ₹ 10 નો એક એવા 600 શેર જપ્ત કર્યા હતા. સુનિલે અરજી તથા મંજૂરી પેટે દરેક શેરદીઠ ₹ 5 ભર્યા હતા. જ્યારે પ્રથમ હપ્તાના અને બીજા હપ્તાના અનુક્રમે શેરદીઠ ₹ 3 અને ₹ 2 ભર્યા ન હતા. તેમાંથી 400 શેર દરેક શેરદીઠ ₹ 6 ના ભાવથી મિતલને ફરી વેચ્યા હતા.

## વિભાગ-F

❖ **નીચેના 34 અને 35 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 11 ગુણ ) [22]**

**34.** રાધા અને ક્રિષ્ણ 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા.31-3-2017ના રોજનું કાચું સરવૈયું અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**રાધા અને ક્રિષ્ણની ભાગીદારી પેઢીનું તા. 31–3–2017ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | | રકમ (₹) | જમા બાકીઓ | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| ઉપાડ : | રાધા | 5,000 | મૂડી ખાતાં : | | |
| | ક્રિષ્ણ | 5,000 | | | |
| ભાડાપટ્ટાનું મકાન (1-4-2016 થી 10 વર્ષ) | | 60,000 | | રાધા | 55,000 |
| | | | | સરિતા | 45,000 |
| મશીનરી (ઓફિસ) | | 50,000 | રાધાની લોન | | |
| આપેલ વટાવ | | 350 | (1-7-2016 થી) | | 50,000 |
| દેવાદારો | | 40,000 | મળેલ વટાવ | | 400 |


Visit https://visionpapers.in For More Papers!!!

| | | | |
|---|---|---|---|
| જાવક માલ ગાડા ભાડું | 1,200 | લેણદારો | 25,000 |
| ફર્નિચર-ફિક્ચર્સ | 5,000 | કમિશન | 2,500 |
| પગાર | 7,500 | દેવીહુંડી | 5,000 |
| ઘાલખાધ | 1,200 | વેપાર ખાતે | 97,250 |
| લેણીહુંડી | 20,000 | | |
| વેપાર ખર્ચ | 5,900 | | |
| રોકડ સિલક | 6,000 | | |
| સ્ટૉક (તા.31-3-2017) | 73,000 | | |
| | 2,80,150 | | 2,80,150 |

હવાલા : (1) મશીનરી પર 6% અને ફર્નિચર-ફિક્ચર્સ પર 20% લેખે ઘસારો ગણો. (2) દેવાદારોમાંથી ₹ 500 ઘાલખાધ માંડી વાળો (3) રાધા અને ક્રિષ્નને અનુક્રમે ₹ 5,000 અને ₹ 4,000 વાર્ષિક પગાર આપવાનો છે. (4) ₹ 500 કમિશનના મળવાના બાકી છે. (5) પગારના ₹ 3,000 ચૂકવવાના બાકી છે.

35. નીચેની બાકીઓ શ્રીજી લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા.31-માર્ચ 2017ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ તૈયાર કરો.

| બાકી | રકમ (₹) | બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| મળવાનું બાકી કમિશન | 20,000 | દેવાદારો | 2,30,000 |
| જમીન-મકાન | 10,00,000 | 10% ના ડિબેંચર | 1,30,000 |
| ઈક્વિટી શેરમૂડી | 10,00,000 | ડિબેંચર પરત નિધિના રોકાણો | 30,000 |
| બેંક સિલક | 45,000 | કસ્ટમ ડિપોઝીટ | 1,25,000 |
| સામાન્ય અનામત | 20,000 | ગ્રેજ્યુઈટી ફંડ | 20,000 |
| આખરસ્ટોક | 1,80,000 | કરવેરાની જોગવાઈ | 60,000 |
| લેણદારો | 4,00,000 | | |

★ ★ ★


Visit https://visionpapers.in For More Papers!!!

# PAPER-2 March - 2018

## વિભાગ-A

1. (B) 2. (D) 3. (D) 4. (B) 5. (A) 6. (C) 7. (B) 8. (D) 9. (D) 10. (D)

## વિભાગ-C

21. ફેનીનાં મૂડી/ચાલુ ખાતે....ઉ 900, તે સીમરનનાં મૂડી/ચાલુ ખાતે 600, તે સોનાલીનાં મૂડી/ચાલુ ખાતે 300,
22. ઝરણાનો લાભ = $\frac{4}{60}$, પ્રેરણાનો ત્યાગ = $-\frac{1}{60}$, સંજનાનો ત્યાગ = $-\frac{3}{60}$.

## વિભાગ-D

27. ભારિત સરેરાશ નફો = 1,26,000, પાઘડી = 2,52,000, 28. આવકવેરા પછીનો નફો = 4,74,600 (વધારો), 41.85% (વધારો) 29. ચાલુ ગુણોત્તર = 1.83 : 1 ***અથવા*** 29. દેવા-ઈક્વિટી ગુણોત્તર = 0.43 : 1, 30. કામગીરીમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ = 4,60,000 ***અથવા*** 30. નાણાકીય પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતો (આવકનો) રોકડ પ્રવાહ = 50,000

## વિભાગ-E

31. પુનઃ મૂલ્યાંકનનો ખાતાનો નફો = ₹ 7,500, રોકડ ખાતાંની આખર બાકી = ₹ 1,26,000, ભાગીદારોની આખરની મૂડી = 1,01,000, 70,500, 1,00,000, પાકા સરવૈયાનો સરવાળો = ₹ 3,12,600, 32. પુનઃ મૂલ્યાંકન ખાતાની ખોટ = ₹ 20,000, બેંક ખાતાની આખર બાકી = ₹ 1,54,400, ભાગીદારોની આખરની મૂડી = વિરાટ : 1,60,000, અનુ : 2,40,000, પાકા સરવૈયાનો સરવાળો = ₹ 5,57,400, ધોનીની લોન = ₹ 66,400, વિરાટ ₹ 24000 મૂડી લઈ જશે, અનુ ₹ 1,58,400 મૂડી લાવશે, 33. મળવાનો બાકી પ્રથમ હપ્તો = ₹ 6,000, મળવાનો બાકી બીજો હપ્તો = ₹ 6,000 ***અથવા*** 33. (i) મૂડી અનામત = ₹ 800, (ii) મૂડી અનામત = ₹ 400,

## વિભાગ-F

34. ચોખ્ખો નફો = ₹ 68,750, વહેંચણી પાત્ર નફો = 59,750, વહેંચણી પાત્ર નફામાં ભાગ= રાધા ₹ 35,850, ક્રિષ્ણ = 23,900, ભાગીદારોની આખરની મૂડી = ₹ 90,850, ₹ 67,900, પાકા સરવૈયાનો સરવાળો = ₹ 2,44,000, 35. શેરહોલ્ડરનાં ભંડોળ = ₹ 10,20,000, બિનચાલુ જવાબદારીઓ = ₹ 1,50,000, ચાલુ જવાબદારીઓ = ₹ 4,60,000, બિન ચાલુ મિલકતો = ₹ 11,55,000, ચાલુ મિલકતો = ₹ 4,75,000, પા.સ.નો સરવાળો = ₹ 16,30,000



Visit https://visionpapers.in For More Papers!!!